## આપની આજ


નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)


**આજે રાશિ મકર**

**આજના ગ્રહોની કુંડળી**




**ચંદ્ર સાજે સાત કલાકે કુંભ રાશિમાં પ્રવેશ કરશે. ગુરુ - સૂર્ય તેમજ શુક્ર - મંગળ પરિવર્તન પામે છે. ઉત્તર - પૂર્વમાં કુદરતી હોનારતના યોગ થાય છે. રાહુ રાશિ બદલશે (ત્રીસમીએ) ત્યારે ગુરુ - રાહુનો ચાંડાળ યોગ થાય છે. ગુરુનું શુભત્વ નાશ પામશે.**

**મેષ** છ-સાત - આઠમા સ્થાનમાં ક્રુર પાપગ્રહો હોવાથી પેટ - પેઢું - કબજીયાત - ગેસના રોગથી પીડાવું પડે. પરન્તુ ચંદ્ર બુધની દસમે યુતિ તેમાં પણ ઘણી રાહત આપે.

**વૃષભ** ચોથે ગુરુ માતા-પિતાનું સુખ આપે - પાંચમે રાહુ - છઠ્ઠે મંગળ, સાતમે શનિની ખરાબ અસરો ઓછી વત્તી થાય. વાણી પર સંયમ રાખવો - અપશબ્દો બોલવા નહીં - ઝઘડો થાય.

**મિથુન** પંદરમીએ સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યાં સુધી સાચવવું. તાવ ન આવે તેમજ પત્ની સાથે વાદ-વિવાદમાં ન ઉતરવું પડે તેનું ધ્યાન રાખવું - સંતાનથી લાભ થાય.

**કર્ક** ત્રીજે રાહુ - છઠ્ઠે સૂર્ય - સાતમે ચંદ્ર - બુધ સારું રૂપ આપે - લોકપ્રિયતા આપે. આજે તમારી પોપ્યુલારીટી ખૂબ જ સારી થાય - વધે - સાથીઓની ઈર્ષા વધે.

**સિંહ** ત્રીજે મંગળ - રાશિમાં વક્રી ગુરુ - અવિચારી સાહસ ન કરાવે તેમજ ગુસ્સો ન કરાવે - અપશબ્દો ન બોલાવે તેની કાળજી રાખવી.

**કન્યા** આઠમે મંગળની દ્રષ્ટિ - દાઝવાથી સાચવવાનો સંકેત આપી જાય છે. ચોથે સૂર્ય છાતીમાં બળતરા કરાવે - એસીડીટીથી સાચવવું. સંતાનોને પીડા થાય.

**તુલા** રાશિમાં મંગળ - શુભયોગ પણ કરે છે. સમતોલ સ્વભાવ રખાવે - ગુસ્સા પર કાબૂ રાખવાથી પ્રગતિ થશે. માતાથી લાભ થાય. પિતાની પ્રગતિ થાય.

**વૃશ્ચિક** રાશિમાં શુક્ર અને શનિની સાડાસાતીથી જાહેર જીવનમાં લોકપ્રિયતા વધે - ગુસ્સા પર કાબૂ રાખવો. વાદ-વિવાદમાં ન ઉતરવું - મિત્રોથી સાચવવું - નુકસાન કરાવે.

**ધન** ધાર્મિકતા વધારે - ન ધારેલા ધર્મને લગતા ખર્ચા આવે - બારમે શનિ આયોજન બહારના ખર્ચા કરાવે - સાડાસાતી ચાલુ થયેલ છે. હજુ એક વર્ષ સાચવવું.

**મકર** પત્ની તરફથી ખૂબ જ સારો સહકાર મળશે. સંતાનોને ભણતર ને ખર્ચા માટે ઠપકો આપવાનો પ્રસંગ ઉભો થાય. મિત્રોની મદદ મળશે. આઠમે વક્રી ગુરુ કરના દર્દો કરાવે.

**કુંભ** દસમે શુક્ર - શનિ તમારા નોકરી - ધંધામાં પ્રગતિકારક કાર્યો કરાવે - ભાગીદારોથી અને મિત્રોથી લાભ મળે - પિતા તરફથી મદદ મળી રહે. માતા તરફથી સુખ મળે.

**મીન** શિવની આરાધના કરવી. રાહુનું આખરી ભ્રમણ શસ્ત્રક્રિયા ન કરાવે તે માટે સાચવવું - કૃમિથી સાચવવું - પેટના દર્દોથી - પગના દર્દોથી સાચવવું.

## કંપની સમાચાર

### મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની ઈમ્પેરિયો લોંચ

૧૬.૯ અબજ ડોલરનું મૂલ્ય ધરાવતા મહિન્દ્રા ગ્રુપનો ભાગ અને સ્મોલ કમર્શિયલ વ્હીકલ્સ સેગમેન્ટમાં લીડર મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે ગુજરાતમાં તેની પ્રીમિયમ, મહત્વાકાંક્ષી પિક અપ ધરાવતા ઈમ્પેરિયો લોંચ કરવાની જાહેરાત કરી હતી. લઘુ અને મધ્યમ વેપાર વાણિજ્યની જરૂરિયાતો સંતોષવા વિકસાવેલ ઈમ્પેરિયો તેની સ્ટાઈલિશ ફ્યુચરિસ્ટિક ડિઝાઈન, પ્રીમિયમ ઈન્ટેરિઅર્સ, શ્રેષ્ઠ પર્ફોર્મન્સ સાથે ભારતમાં પિક-અપ સેગમેન્ટને સમૃદ્ધ કરશે અને ડ્રાઈવિંગના અનુભવને વધારશે તેવી અપેક્ષા છે. ઈમ્પેરિયોની સ્પર્ધાત્મક કિંમત રૂ. ૬.૩૮ લાખ (એક્સ-શૉ રૂમ ગાંધીનગર, સિંગલ કેબિન બીએસ૩ વેરિઅન્ટ) માટે છે

ઈમ્પેરિયો વિશિષ્ટ ફ્રન્ટ ગ્રિલ, નેક્સ્ટ જેન હેડલેમ્પ્સ, સ્ટાઈલિશ બમ્પર, ૧૬ ઈંચ (૪૦.૬૪ સેમી) રેડિઅલ ટ્યુબલેસ ટાયર્સ અને મેટલિક કલર્સ સાથે એરોડાયનેમિક ડિઝાઈન એક્સ્ટેરિઅર લૂક અને રોડ પર પ્રભાવશાળી હાજરી ધરાવે છે. તે સંપૂર્ણ બનાવટ અને ફિનિશિંગ સાથે આવે છે, જે ભારતમાં કમર્શિયલ વાહનોમાં જોવા મળતું નથી. ઉપરાંત ફ્યુઅલ સ્માર્ટ ટેકનોલોજી, થાક ન લાગે તેવા ડ્રાઈવિંગ માટે સ્વતંત્ર ફ્રન્ટ સસ્પેન્શન, એલએસપીવી સાથે બ્રેક, ફોલો-મી-હોમ લાઈટ્સ, કીલેસ એન્ટ્રી, ટેલીમેટિક્સ કોમ્પેટિબિલિટી અને સ્ટાઈલિશ અત્યાધુનિક ડેશબોર્ડ સાથે આલીશાન ઈન્ટેરિઅર્સ, સ્પેશિયસ કેબિન, ૨ ડાઈન મ્યુઝિક સિસ્ટમ, પાવર વિન્ડોઝ, અર્ગોનોમિકલી ડિઝાઈન ધરાવતી કાર જેવી સીટ, અનુકૂળતા પ્રદાન કરવા ૪ સ્ટેપ બ્લોઅર સાથે એચવીએસી એચવીએસી જેવા કેટલાંક આ સેગમેન્ટમાં અગ્રણી વિશેષતાઓ વધારે ઉપલબ્ધ છે, જે પ્રીમિયમ હોવાની લાગણીને નવેસરથી વ્યાખ્યાયિત કરે છે. ઈમ્પેરિયોમાં હૂડ નીચે અત્યાધુનિક સ્ટાઈલિંગ અને પ્રીમિયમ હોવાનો અહેસાસ ૧૨૪૦ કિલોગ્રામનું વજન વહન કરવાની શ્રેષ્ઠ ક્ષમતા સાથે કોમન રેલ ટેકનોલોજીથી સજ્જ ડાયરેક્ટ ઈન્જેક્શન એન્જિન દ્વારા તેનું પાવર-પેક પર્ફોર્મન્સ છે. એન્જિન ૭૫ એચપી પાવર (૫૬ કેવી), ૨૨૦ એનએમ ટોર્ક (પુલિંગ પાવર) અને ૧૩.૫૫ કિલોમીટર/લિટરની માઈલેજ આપે છે.

### કૃષિવીજ જોડાણ... ● પાંચમા પાનાનું ચાલુ

પટેલના નામે નવીન વીજ કનેક્શન મેળવવા અરજી કરેલ જેમાં મૃતક હરજીભાઈ લાલજીભાઈ પટેલના નામની ખોટી સહીઓ કરેલ હતી. અને એની શાક્ષીમાં કનુભાઈ કેશુભાઈ પટેલ રહે. શિવપુરા કમ્પાની સહીઓ કરેલ હતી. આ ઉપરાંત પટેલ ઈશ્વરભાઈ એમ ઈલેક્ટ્રિક સુપરવાઈઝર એન્ડ કોન્ટ્રાક્ટરનો ટેસ્ટ રીપોર્ટ સામેલ હતો. ખોટા દસ્તાવેજ હોવાનું જાણવા છતાં સાચા તરીકે ઉપયોગ કરી વીજજોડાણ લઈ લેતા સમગ્ર જમીનમાં માલિકી હક્ક કમી કરવાનું કાવતરૂ રચતા છગનભાઈ હરજીભાઈ પટેલે ધનસુરા પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે એલસીબી ઈન્ચાર્જ પી.આઈ. આર.જી. બારોટ આ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. જો સમગ્ર ઘટનાના અનુસંધાને ધનસુરા મામલતદાર કચેરીમાં ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો આવા ખોટા દસ્તાવેજોના કેટલાય કિસ્સા બહાર આવે તેમ છે.

# આદિવાડાના મકાનમાં આગ ભભુકી ઉઠી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના આદીવાડા ગામના પ્રજાપતિ વાસના રહેણાંક મકાનમાં સળગતા દિવાના લીધે અચાનક જ આગ ભભુકી ઉઠતા બપોરે ઘરની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આગ મામલે ફાયરબ્રિગેડને જાણ થતા તુરંત બનાવસ્થળે આવી આગને કાબુમાં લીધી હતી.

શહેરના આદીવાડા ગામમાં પ્રજાપતિ વાસમાં મફાભાઈ પ્રજાપતિના મકાનમાં ભાડુઆત તરીકે પારૂલબેન ડામોર રહે છે. દરમિયાન બપોર બાદ પારૂલબેન પોતાનું ઘરનું કામકામજ પતાવી બહાર કામ અર્થે ગયા હતા જ્યાં બપોરના સમયે ઘરમાં સળગતા દિવાને લીધે ગોદડામાં આગ લાગી હતી અને બાદમાં ગાદલા-પલંગ અને અન્ય ગોદડા સહિતની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. બંધ મકાનમાંથી આગના ધુમાડા નીકળતા આસપાસના રહિશોએ તુરંત ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરી હતી. આથી ગાંધીનગર ફાટર બ્રિગેડની ટીમ બનાવ સ્થળે દોડી આવી હતી અને આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાથી અંદાજે ૧૦ હજારનું નુકશાન થવા પામ્યું હતું. જોકે આ આગની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.



ગાંધીનગર નજીકના ચિલોડા સર્કલ પાસેના પાથરણા અને લારી ગલ્લા બજાર પર આજે સમી સાંજે એએસપી કરણરાજ વાઘેલાએ પોતાની ટીમ સાથે સપાટો બોલાવ્યો હતો. અને દરરોજ સર્કલની ફરતા ડેરો જમાવી બેઠેલા બઝારને દૂર કરાવ્યા હતા.

# ગાંધીનગર-મહુડી માર્ગ પરથી પસાર થતાં વાહનો માટે ડાયવર્ઝન

ગાંધીનગર, તા. ૧૧

મહુડી માર્ગને ચાર માર્ગીય કરવાની કામગીરી લગભગ પૂર્ણતાને આરે છે. ૨૨ કિલોમીટર જેટલા માર્ગ પર જુના લો લેવલના સાંકડા પુલ આવેલા છે. તેને પણ તોડીને નવીન ફોર લેન હાઈ લેવલ પુલની છેલ્લા તબક્કાની કામગીરી પ્રગતિમાં છે. નવીન પુલ બનાવવાના સમય દરમ્યાન વાહનોની અવર-જવર સરળતાથી અને સલામત રીતે થાય તેવા આશયથી ટ્રાફિકનું ડાયવર્ઝન કરવામાં આવ્યું છે.

ટ્રાફિક ડાયવર્ઝન અંગેના જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી વી.જી. કાલરિયાએ જણાવ્યું છે કે, નવીન પુલના એપ્રોચની છેલ્લા તબક્કાની કામગીરી પૈકી ગાંધીનગરથી મહુડી જતા પુલની જમણી બાજુએ હયાત હંગામી ડાયવર્ઝન બંધ કર્યા સિવાય આરસીસીની રીટેઈનીંગ વોલની કામગીરી હાથ ધરી શકાય તેમ નથી. જેથી આરસીસી રીટેઈનીંગ વોલ તથા એપ્રોચના બેઝની કામગીરી હાથ ધરવામાં આવે ત્યાં સુધી અંદાજિત ૪૫ દિવસના સમયગાળા દરમ્યાન ગાંધીનગરથી મહુડી જતો આવતો ટ્રાફિક હયાત ડાયવર્ઝન પરથી પસાર થઈ શકે તેમ નથી. પુલના સ્થાન આસપાસની ભૌગોલિક પરિસ્થિતિ અને ઉપલબ્ધ બે મીટર પહોળાઈના જમીનના પટ્ટામાં હંગામી ડાયવર્ઝન જમીન સંપાદન કર્યા સિવાય બનાવી શકાય તેમ નથી.

આ સંજોગોમાં ભારે વાહનો તથા હળવા વાહનો માટે ટ્રાફિકનું ડાયવર્ઝન કરવામાં આવ્યું છે. જેમાં ભારે વાહનોને સવારના ૮ કલાકથી સાંજના ૨૦ કલાક સુધી ગાંધીનગર ઘ રોડથી પેથાપુર ચાર રસ્તા-બાલવા ચાર રસ્તા-ધેધુ ચાર રસ્તા-ગોઝારિયા-વિહાર-પિલવાઈ ચાર રસ્તા થઈ જઈ શકાશે. તેમજ સાંજના ૨૦.૦૧ કલાકથી સવારના ૭.૫૯ કલાક સુધી ગાંધીનગર ઘ રોડથી પેથાપુર ચાર રસ્તા-બાલવા ચાર રસ્તા, માણસા-પિલવાઈ ચાર રસ્તા-આશ્રમ ચાર રસ્તા (મહુડી પાસે) જઈ શકાશે. હળવા બિન વ્યાપારી વાહનો તથા દ્વિચક્રિ-ત્રિચક્રી વાનો અંબોડ ત્રણ રસ્તાથી-મકાખાડ-ગલથરા-લોદરા થઈને જઈ શકશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ના પ્રકરણ-૧૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

## ધનસુરા તાલુકાનાં વડાગામેથી વરલીમટકાનો જુગાર રમતા શકુનિઓ ઝડપાયા

ધનસુરા, તા.૧૧

ધનસુરા તાલુકાના વડાગામેથી આરઆર સેલે દરોડો પાડી વરલીમટકાનો જુગાર રમતા ૨ આરોપીને પકડી પાડતા સ્થાનિક પોલીસમાં સોંપો પડીગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર અમરતભાઈ કાંયાભાઈ ઠાકોર તેમજ મોહનભાઈ અંબાલાલભાઈ ઠાકોર વડાગામ ખાતે વરલી મટકાનો જુગાર ચલાવતા હતા જેની બાતમી આરઆરસેલનાં અધિકારીને મળતા દરોડો પાડી ૩૪૫૦ની રોકડ રકમ તેમજ ૧૦૦૦ના મોબાઈલ મળી ૪૪૫૦ના મુદામાલ સાથે આરોપીઓને ઝડપી પાડયા હતા અને વિરેન્દ્રસિંહ ઉર્ફે પળો દલપતસિંહ રાઠોડ નાસી છુટયો હતો. જયારથી હસમુખ પટેલે રેંજ આઈજી તરીકેનો ચાર્જ સંભાળ્યો છે ત્યારથી અસામાજિક પ્રવૃત્તિ પર અંકુશ આવવા માંડયો છે પરંતુ બહારથી આવતા અધિકારી આવા શકુનીઓને ઝડપી પાડે છે તો સ્થાનિક પોલીસની કામગીરી પર લોકો સવાલ ઉઠાવી રહ્યા છે.

### બાબાજીની તિથી... ● ત્રીજા પાનાનું ચાલુ

નિર્માણ કરી સંવત ૧૯૫૬માં પોષ માસની સુદ-૩ના દિવસે નાશવંત દેહનો ત્યાગ કર્યો હતો. આ દિવસે સમગ્ર ગામ શોકમગ્ન બની ગયું હતું અને પૂ. દામોદરદાસજીના નશ્વર દેહને પંચ કલશ પાલખીમાં પધરાવી સાબરમતી નદીના કિનારે અગ્નિદાહ આપ્યો હતો. બસ ત્યારથી વાવોલ ગામમાં આ તિથી 'બાબાજીની તિથી' તરીકે ઓળખાય છે અને આ દિવસે ગ્રામજનો પૂ. દામોદરદાસજી મહારાજની યાદમાં 'પાકી' પાડી તમામ ધંધા રોજગાર બંધ રાખે છે. પૂ. દામોદરદાસજી મહારાજે તેમના વસવાટ દરમિયાન અનેક સિધ્ધીઓ મેળવી હતી તથા તેમની પર મા અન્નપૂર્ણાની કૃપા હતી જે રામજી મંદિર પર આજ સુધી જળવાઈ રહી છે તેવું હાલના મહંત પૂ. મધુસુદનદાસજી મહારાજે જણાવ્યું હતું.

### ક્ષણના ચણીબોર (૪ પાનાનું ચાલુ...)

આપણાં આ માહ્યલા કોશને સંકોરવા કે સમૃધ્ધ કરવાનો નિરધાર તો આપણેજ કરવો પડશે. આગ જ્યાં લાગી હોય ત્યાંજ ઓલવવી પડશે. સુખ - સુવિધાઓના અનેક નવા ઉપકરણો જરૂર ઉપલબ્ધ થયા છે. ઉપયોગી પણ થયા છે. તે બધાનો સમજપૂર્વક સ્વીકાર અને સદઉપયોગ કરવાની ફરજ તો આપણેજ બજાવવી પડશે. સમાજને જો આજની સ્થિતિમાં અજંપા કે અસંતોષની ઘંટડી વાગતી સંભળાતી હોય તો સવેળા જાગવું પડશે. જાગૃતિ તરફના આવા પ્રયાણની બાગડોર વિચારશીલ યુવાનોએજ સંભાળવી પડશે. ગાડરીયા માર્ગે વહી જવાની સ્થિતિ હોય તો તે હિંમત તથા નિર્ધાર કરીને બદલવી પડશે. ગયા વર્ષેજ આપણી વચ્ચેથી જેમણે ચિરવિદાય લીધી તેવા શ્રી નારાયણ દેસાઇ તેમની ગાંધીકથામાં આવી સામાજિક ચેતનાની જાગૃતિ માટેની અહાલેકનો બૂલંદ સૂર હમેશા પ્રગટાવતા હતા.

જાગ! તરુણ જાગ!
તારા ઘરમાં લાગી આગ!
હાથવગાં ઓઝાર ઉપાડી
ઝટ ઓલવ તું આગ!
ગાડરિયા પ્રવાહને છોડી
ગોતને નવા માગ!
જાગ! તરુણ જાગ!

નવજાગૃતિના ઉજ્જવળ પ્રતિક સમાન સૂર્ય નારાયણ સાથે આપણે પણ વિચારોનું સંક્રમણ આ મકરસંક્રાંતિએજ ગોઠવીએ તો કેવું!



### હિન્દી ફિલ્મ જગતની અભિનેત્રી જૂહી ચાવલા ગાંધીનગરમાં

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે હિન્દી ચલચિત્ર જગતની સુપ્રસિદ્ધ અભિનેત્રી જૂહી ચાવલાએ ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી. જૂહૂ ચાવલાએ પોતાની આગામી ફિલ્મ 'ચોક એન્ડ ડસ્ટર' જે બાળ શિક્ષણના પહલુઓ પર આધારિત ફિલ્મ છે તેની વિગતોની મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ મુલાકાત દરમ્યાન ચર્ચા કરી હતી.

# હિંમતનગરના બેરણા રોડ પરના બે મકાનોમાં ૩.૧૮ લાખથી વધુની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરમાં બેરણા રોડ પરના સાકાર બંગ્લોઝ અને શીવાંગી કોમ્પલેક્ષ પાસેથી શનિવાર-રવિવારની રાત્રીના સમયગાળા દરમિયાન ઘરફોડ તેમજ વાહનચોરીની બનેલી બે ઘટનામાં તસ્કરો રૂ. ૩.૧૮ લાખથી વધુની ચોરી કરી ભાગી છુટતા બંને ચોરીના મામલે એ અને બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુના દર્જ કરાયા છે. શહેરમાં થતી ઘરફોડ અને વાહન ચોરીઓ સંદર્ભે સ્થાનિક પોલીસતંત્ર ભેદ ઉકેલવામાં નિષ્ક્રિય રહેતા નગરજનો પણ હવે તસ્કર ટોળકીના ભયથી થથરી રહ્યા છે.

ઘરફોડ ચોરીના મામલે પ્રાપ્ત વિગત અનુસાર બેરણા રોડ પર આવેલા સાકાર બંગ્લોઝમાં રહેતા યોગેશ યશવંતરાય વ્યાસના મકાનમાંથી તસ્કરો શનિવારે રાત્રે ઉપરના માળના દરવાજાની સ્લાઈડર વિન્ડો ખોલી બેડરૂમની જાળીનો નકુચો તોડી અંદર પ્રવેશ્યા હતા અને રૂમમાં પડેલી તિજોરીનું લોક તોડી પ્લાસ્ટિકના ડબ્બામાં મુકેલા ચાંદીના ૧૨ મેડલ તથા ચાંદીના ચાર સિક્કા અને રૂ. ૧ હજારની કિંમતની સાયકલ મળી રૂ. ૧૮,૫૦૦ની કિંમતની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા. જે અંગે યોગેશભાઈ વ્યાસે રવિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે વાહન ચોરીની બીજી ઘટના ભોલેશ્વર બાયપાસ રોડ નજીક આવેલા શીવાંગી કોમ્પલેક્ષ પાસે રવિવારે મધરાત્રે બની હતી. જેમાં રાજસ્થાનના શિરોહી જિલ્લાના ધાનતા ગામના રહીશ હીરારામ મોતીજી દેવાંશી પોતાની મહિન્દ્રા બોલેરો પીકઅપ ડાલા નં. આર.જે.૨૪.જીએ.૨૮૬૧ને કોમ્પલેક્ષ આગળ ખુલ્લામાં પાર્ક કરી હતી. રૂ. ૩ લાખની કિંમતનું આ પીકઅપ ડાલાની કોઈ તસ્કરો ચોરી કરી ઉઠાવી ગયા હતા. વાહન ચોરીની ઘટના અંગે હીરારામ દેવાંશીએ રવિવારે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કર્યો છે.

### દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા બાદ જુદા જુદા સ્થળો ઉપર દરોડા પાડીને મોટી સંખ્યામાં લોકોની ધરપકડ કરી છે. કેટલાક શકમંદોની ધરપકડ કરીને ઉંડી તપાસ હાથ ધરી છે. જો કે, ભારત હજુ પણ વધુ નક્કર કાર્યવાહીની આશા રાખે છે અને ત્રાસવાદી લીડરોની ધરપકડ કરવામાં આવે તેવી આશા રાખે છે.

આજે માહિતી આપતા કહ્યું હતું કે, ગુજરાનવાલા, ઝેલમ અને બહાવલપુર જિલ્લામાં દરોડા પાડવામાં આવ્યા હતા અને મોટી સંખ્યામાં શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી. જો કે, કેટલાની ધરપકડ કરવામાં આવી છે તે અંગે કોઈ માહિતી મળી શકી નથી. તપાસ હજુ પણ ચાલી રહી છે. પઠાણકોટ હુમલાના સંદર્ભમાં કાર્યવાહી કરવા માટે અગાઉ સંયુક્ત તપાસ ટીમની રચના કરવામાં આવી હતી.

### જવાબની જરૂર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અભિપ્રાય તેમનો પોતાનો છે. સરકારનો અભિપ્રાય નથી. પારીકરે એમ પણ કહ્યું હતું કે, દુશ્મનને તેની ભાષામાં જવાબ મળવો જોઈએ અને તેજ ભાષા દુશ્મનો સમજે પણ છે. પારીકરે આ સંદર્ભમાં વધારે માહિતી આપી ન હતી અને કહ્યું હતું કે મૂળભૂત સિદ્ધાંત એ છે કે જ્યાં સુધી અમે ત્રાસવાદીઓને ઘા આપીશું નહીં ત્યાં સુધી તેઓ આવા કૃત્યો કરતા રહેશે અને આવા બનાવો બનતા રહેશે. પઠાણકોટ હુમલાનો ઉલ્લેખ કરતા પ્રધાને કહ્યું હતું કે, દેશને પ્રાણોની આહૂતિ આપનાર જવાનો ઉપર ગર્વ છે પરંતુ આ નુકસાનથી તેઓ દુખી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમારા સૈનિકોને આ વાત કરવાની જરૂર છે કે, કેટલાક નુકસાન ઉઠાવીને જ દુશ્મનોને યોગ્ય જવાબ આપી શકાશે.

### વાતચીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરે તો યોજવામાં આવશે નહીં. ઈન્ટેલીજન્સ બ્યુરો, આઈએસઆઈ, મિલેટ્રી ઈન્ટેલીજન્સને બનાવીને રચવામાં આવેલી જેઆઈટીને લઈને કોઈ મહત્વ નથી. જ્યાં સુધી પગલા લેવામાં આવશે નહીં ત્યાં સુધી તેનું કોઈ મહત્વ દેખાતું નથી. વડાપ્રધાન નવાઝ શરીફના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય બેઠકમાં સંયુક્ત ટીમની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નાસિર ખાન, વિદેશી બાબતોના વડાપ્રધાનના સલાહકાર સરતાજ અઝીઝ, તારીક ફાતેમી પણ ઉપસ્થિત રહ્યા હતા. નવાઝ શરીફ પઠાણકોટ હુમલાની જડ સુધી પહોંચવાની ઈચ્છા ધરાવે છે.

### આંદોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના દેખાવને રોકી શકશે નહીં તેવા નિવેદનથી હાર્દિકે ફરી એકવાર ચર્ચા જગાવી દીધી છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાર્દિકને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રજૂ કરવામાં આવ્યો હતો. તેના વકીલ યશવંતવાલાએ કહ્યું હતું કે, શુક્રવારના દિવસે પ્રથમ રાજદ્રોહનો કેસમાં તેની સામે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટની નકલ મળી ગઈ છે. ૩૭૦ પાનાની ચાર્જશીટ હાર્દિક સામે દાખલ કરવામાં આવી ચુકી છે. અનામત મેળવવા માટે આંદોલનને આગળ વધારવામાં આવશે. આજે સુરતમાં સ્થાનિક કોર્ટ સમક્ષ તેને હાજર કરવામાં આવ્યો હતો. હાર્દિક સામે બે રાજદ્રોહના કેસ છે.

### મેડીકલ કોલેજ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણ જગતમાં પણ પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી લીધી છે. દરમિયાન જી.એમ.ઈ.આર.એલ.ના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કોલેજને પાંચ વર્ષના અભ્યાસક્રમની મંજુરી મળ્યા બાદ હવે મેડીકલ કોલેજની માન્યતા માટે ઈન્સ્પેકશન આવશે તે માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે હવે સોસાયટી સંચાલિત હોસ્પિટલના સંકુલને કોર્પોરેટ લુક આપવાની કામગીરી પણ વેગીલી બનાવવામાં આવશે. આ કોર્પોરેટ લુક આપવાની કામગીરી ૨૦૧૭ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. હોસ્પિટલ સંકુલના નવિનીકરણની સાથે સાથે સુવિધાઓમાં પણ વધારો કરવામાં આવ્યો છે તેમજ આગામી દિવસોમાં હજુ વધુ સુધારાઓ અમલી બનશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

### તાજગી આવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હજુ બગીચાની ઈનર બાઉન્ડ્રી સિવાય બહારની જગ્યાનો કબજો ન સોંપાતા પાર્કીંગની જોગવાઈ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જયારે આ બગીચાઓમાં રમતગમત તેમજ કસરતના જરૂરી સાધનો મુકવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવ્યુ છે. બીજીતરફ આ બગીચાઓની હરિયાળીને નિખારવા પણ નવતર આયોજન કરવામાં આવ્યુ છે. કોર્પોરેશનની મીની નર્સરીમાંથી નાના બીજનુ રોપાણ કરી બગીચાઓની હરિયાળી પરત લાવવા પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરના ઉદ્યાનોની જાળવણીનુ કામ છેલ્લા ઘણાં વર્ષોથી અધ્ધરતાલ હોવાથી બગીચાઓમાં સુવિધાના અભાવે રોનક ગુમાવી બેઠા છે. જયારે હરિયાળીના અભાવે બગીચાઓ મરણ પથારીએ હોવાનુ પણ ચિત્ર ઉપસી આવ્યુ છે. પરંતુ તબક્કાવાર બગીચાઓને જરૂરી પાણી સપ્લાય કરવાની યોજના પણ ફળીભુત થતા આગામી દિવસોમાં ઉદ્યાનોની રોનક નિખરશે.

### કડડભુસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ સુચના આપવામાં આવી છે. આમછતા લાંબા સમયના અંતે પણ દુકાનોનુ રીનોવેશન કરવામાં આવતુ નથી. એકબાજુ દુકાનો ભયજનક હાલતમાં હોવાથી ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. ચાર વર્ષના અંતે પણ રજુઆતનો નિકાલ આવતો નથી. આવા સંજોગોમાં દુકાનોના ધાબા કડડભુસ થાય તેવી દહેશત વચ્ચે વેપારીઓમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. દુકાનો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેમ છે. ત્વરિત રીનોવેશનની ઉગ્ર માંગ સાથે વેપારીઓએ કોઈ અકસ્માત થશે તો સરકારની જવાબદારી રહેશે તેમ પણ જણાંવ્યુ છે.

### પ્રાર્થનાસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી તુષાર ચૌધરી, ડૉ. એ.કે. પટેલ, રાજ્યના પૂર્વમંત્રીઓ શ્રી બિમલ શાહ, વિરેન્દ્રસિંહ ઝાલા, રણજીતસિંહ, શ્રી હરિન પાઠક, પ્રફુલ્લભાઈ પટેલ, જયેન્દ્રભાઈ ખત્રી, માનસિંહ ચૌહાણ, ઈશ્વરભાઈ વણકર, ગાભાજી ઠાકોર સહિત વિવિધ જિલ્લા અને નગર પંચાયતના વરાયેલા હોદ્દેદારો પૂર્વ-વર્તમાન ધારાસભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રાજ્યમંત્રી મંડળના સભ્યો શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શંકરભાઈ ચૌધરી, રજનીભાઈ પટેલ, દિલીપભાઈ ઠાકોર સહિતના મંત્રીઓ પણ જોડાયા હતા. આ ઉપરાંત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, સામાજિક સંગઠ્ઠનોના શિક્ષણ જગતના આગેવાનો, અધિકારીઓ, વેપારીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને સ્વ. નાથુબાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ગાંધીનગર શહેર કોંગ્રેસના આગેવાનો,કાઉન્સીલરો અને બોર્ડ-નિગમના અધ્યક્ષો, જિલ્લા પંચાયતના નવા અને જૂના ચૂંટાયેલા સભ્યો પણ પ્રાર્થનાસભામાં જોડાયા હતા.


### જાહેર નિવિદા નં. ૫ સને-૨૦૧૫-૨૦૧૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૧.૮૧ લાખ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૮, બીજો માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૬૦૩૨)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૧૫ લાખના એમ (બે) કામ પાણી/ગટર વેરાના બીલોનું કોમ્પ્યુટરાઈઝ ડેટા એન્ટ્રી / જોબ વર્ક કરતા તથા બીલોનું વિતરણ કરતા અનુભવી ઈજારદારો પાસેથી સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૦/૧/૨૦૧૬ રહેશે અને ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૮/૧/૨૦૧૬ છે. શક્ય હશે તો ભરાઈને મેળવેલ ટેન્ડર તા. ૨૯/૧/૨૦૧૬ના રોજ ૧૨.૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ઉપરોક્ત જે તે કચેરી ખાતે ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી ઉપરોક્ત જે તે કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. જરૂર જણાયે જાહેર રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત જે તે કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૨૨૯૩/૧૫-૧૬